सत्यमेव जयते

| | | |
|---|---|---|
| પ્રાપ્તી તારીખ | :– | ૩૦.૧૨.૨૦૨૧ |
| નોંધ્યા તારીખ | :– | ૩૦.૧૨.૨૦૨૧ |
| ફેંસલ તારીખ | :– | ૦૬.૦૩.૨૦૨૬ |
| સમય ગાળો | :– | વર્ષ માસ દિવસ |
| | | ૦૪–૦૨–૦૬ |

## ખેડા જિલ્લાનાં મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ (સહાયક) અને પાંચમાં એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ સમક્ષ, મુ. નડીયાદ.

**એમ.એ.સી.પી. નં. ૧૨૦૯/૨૦૨૧**
**આંક:–**

**અરજદાર:–** **<u>ગુજરનાર હર્ષદભાઇ હિંમતભાઇ વાઘેલાના વારસદારો.</u>**

**૧. સોનલબેન હર્ષદભાઇ વાઘેલા (પત્ની),**
ઉ.વ. ૩૦, ધંધો:– ઘરકામ,

**૨. સગીર ભકિત હર્ષદભાઇ વાઘેલા(પુત્રી),**
ઉ.વ. ૦૫, ધંધો:– અભ્યાસ,

**૩. સગીર જયોતીબેન હર્ષદભાઇ વાઘેલા(પુત્રી),**
ઉ.વ. ૦૫, ધંધો:– અભ્યાસ,

**૪. હિંમતભાઇ છગનભાઇ વાઘેલા (પિતા),**
ઉ.વ. ૬૦, ધંધો:– ખેતી,

**૫. કાશીબેન હિંમતભાઇ વાઘેલા (માતા),**
ઉ.વ. ૫૦, ધંધો:– ઘરકામ,

**અરજદાર નં.૨ અને ૩ સગીર હોય કુદરતી વાલી માતા અરજદાર નં.૧ મારફતે.**
તમામ રહેવાસી:– સી.કે.નગર, મુ. ત્રણોલ, જી.આણંદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** **<u>મારૂતી કાર નં.જીજે–૧૧–ડી.સી.–૭૮૫૭ નાં પક્ષકારો.</u>**

**૧. ઇમરાનખા સરવરખા બેલીમ,**
ઉ.વ. પુખ્ત, ધંધો:– ડ્રાઇવીંગ,
રહેવાસી:– નંદારખી, તા.માંગરોળ, જી.જુનાગઢ.

**૨. કાન્તાબેન માધવભાઇ માનવર,**
ઉ.વ. પુખ્ત, ધંધો:– વેપાર,
રહેવાસી:– ગામ વિસ્તાર, આંત્રોલી,
તા.માંગરોળ, જી.જુનાગઢ.

**૩. નેશનલ ઇન્શ્યોરન્સ કંપની લી.,**
સરનામુ:–૩૦૮–૩૦૯, પ્લેટીનમ પ્લાઝા,
(જુની લક્ષ્મી સીનેમા), સરદાર પટેલ બાવલા પાસે,
સ્ટેશન રોડ, નડીયાદ.

**ધી મોટર વહીકલ એકટની કલમ–૧૬૬ મુજબ રૂા.૩૦,૦૦,૦૦૦/– વળતર મેળવવા અરજી હેઠળ હુકમ.**

| |
|---|
| અરજદારો તરફે વિ.વ.શ્રી એચ.પી.સોઢા<br>સામાવાળા નં.૧ અને ર તરફે વિ.વ.શ્રી એફ.એમ.વોરા<br>સામાવાળા નં. ૩ વિમા કંપની તરફે વિ.વ.શ્રી એચ.સી.કંદોઈ |

**–// ચૂકાદો //–**

(૧) આ કામનાં અરજદારો ધ્વારા એમ.વી.એકટની કલમ–૧૬૬ મુજબ તા.૦૫.૦૯.ર૦ર૧ નાં રોજ બપોરનાં ૧ર.૦૦ વાગ્યાના સુમારે મોજે અંબાવ સીમ, વાસદ–બગોદરા હાઈવે ઉપર અંબાવ ટોલ બસ સ્ટેન્ડ નજીક રોડ ઉપર થયેલ અકસ્માતમાં હર્ષદભાઈ હિંમતભાઈ વાઘેલાનું મૃત્યુ થતા સામાવાળાઓ પાસેથી રૂા.૩૦,૦૦,૦૦૦/– નું વળતર મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(ર) અરજદારોની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ગુજરનાર તા.૦૫.૦૯.ર૦ર૧ નાં રોજ તેમની માલીકીની રીક્ષા નં.જીજે–ર૩–એ.યુ.–૩૦૪૪ લઈને બપોરના ૧ર.૦૦ વાગે અંબાવ સીમ, વાસદ–બગોદરા હાઈવે, અંબાવ ટોલ બસ સ્ટેન્ડ નજીક રોડની સાઈડમાં ઉભા હતા ત્યારે આ કામના સામાવાળા નં.૧ સામાવાળા નં.ર ની માલીકીની મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ પુરઝડપે, બેદરકારીભરી રીતે ચલાવી આવી, ગુજરનારને જોરથી ટકકર મારી અકસ્માત કરતા ગુજરનાર સ્થળ ઉપર મરણ ગયેલ. જેના વળતર પેટે રૂા.૩૦,૦૦,૦૦૦/– મેળવવા હાલની અરજી કરેલ છે.

(૩) સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવતા જે નોટીસ સામાવળાઓને ધોરણસર બજી ગયેલ છે. સામાવાળા નં.૧ તથા ર તેઓનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૧ર થી લેખીત જવાબ રજુ કરી અરજદારોની અરજી એમ.વી.એકટની જોગવાઈ વિરૂધ્ધની છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ખરી હકીકતે બનાવના દિવસે સામાવાળા નં.૧ બનાવના સ્થળેથી વાહન લઈને પસાર થઈ રહેલ

હતા ત્યારે રીક્ષા નં.જીજે–૨૩–એ.યુ.–૩૦૪૪ ના ચાલકે રીક્ષાને અચાનક બ્રેક મારી, ટ્રાફીના કોઈપણ જાતના નિયમોનું પાલન કર્યા વિના રીક્ષા રોડની વચ્ચોવચ ઉભી રાખતા ટ્રાફીક ખુબ જ હોવાના કારણે મારૂતીકાર નીકળી શકે તેવી સ્થિતિમાં ન હોય અકસ્માત થયેલ છે. અકસ્માત સમયે સામાવાળા નં.૧ પાસે કાયદેસરનું વેલીડ લાયસન્સ હતુ અને સામાવાળા નં. ૩ પાસે મારુતી કારનો વીમા ઉતરાવેલ હોઈ જેથી વળતર ચુકવવાની જવાબદારી થાય તો સામાવાળા નં.૩ ની થાય તેમ જણાવેલ છે.

(૩.૧) સામાવાળા નં.૩ વીમા કંપની તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૩૩ થી લેખીત જવાબ રજુ કરી વળતર અરજીમાં જણાવેલ હકીકતો ખરી નથી અને કાયદાથી મેઈન્ટેનેબલ નથી. ગુજરનાર અકસ્માતનાં કારણે મરણ ગયેલ હોવાની હકીકત ખરી નથી. અરજદારોએ વળતર અરજીમાં ગુજરનારની આવક, ઉંમર, વ્યવસાયની જણાવેલ વિગતો ખરી નથી. ગુજરનાર અકસ્માત સમયે ૨૮ વર્ષની વયના અને રીક્ષા ડ્રાઈવીંગ અને ખેતી કામ કરી માસીક રૂા.૨૦,૦૦૦/– કમાતા હતા અને રૂા.૨૦,૦૦૦/– રીક્ષાનો માસીક હપ્તો ભરતા હતા તે હકીકત ખરી નથી. અકસ્માત વાહન નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ થી બનેલ હોવાની હકીકત ખરી નથી. જેથી અરજદારોની અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદારો તરફે તેઓનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**–:મૌખિક પુરાવો:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર સોનલબેન હર્ષદભાઈ વાઘેલાનું પુરાવા એફીડેવીટ તથા ઉલટ તપાસ | ૧૬ |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામાની સહી સીકકાવાળી નકલ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૨. | ઈન્કવેસ્ટ પંચનામાન સહી સીક્કાવાળી નકલ | ૧૯ |
| ૩. | સામાવાળા નં.૧ ના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ | ૨૦ |
| ૪. | મારૂતી કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ ની આર.સી.બુક ની નકલ | ૨૧ |
| ૫. | મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ ની વીમા પોલીસીની નકલ | ૨૨ |
| ૬. | ગુજરનારનાં પી.એમ.રીપોર્ટની નકલ | ૨૩ |
| ૭. | મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નાં પંચનામાની નકલ | ૨૪ |
| ૮. | ગુજરનારના આધાર કાર્ડની નકલ | ૨૫ |
| ૯. | એફ.આઈ.આર.ની સહી સીક્કાવાળી નકલ | ૨૭ |
| ૧૦. | મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નાં પંચનામાની સહી સીક્કાવાળી નકલ | ૩૯ |
| ૧૧. | મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ એફ.એસ. એલ. રીપોર્ટની સહી સીક્કાવાળી નકલ | ૪૦ |
| ૧૨. | ગુજરનારના પી.એમ. રીપોર્ટની સહી સીક્કાવાળી નકલ | ૪૧ |
| ૧૩. | ચાર્જશીટની સહી સીક્કાવાળી નકલ | ૪૨ |

(૫) સદરહુ કલેઈમ અરજીના નિર્ણય માટે આંક–૧૪ થી મુદ્દા કાઢવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**–:– મુ દ્દા ઓ –:–**

1. Whether the applicants prove that, deceased died due to rash and negligent driving of the driver of the vehicle involved in the vehicular accident as contended?

2. Whether the applicants are entitled to get compensation ? If yes, what amount and from whom ?

3. What Award and order ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક.

(૨) અશંત: હકારમાત્મક.

(૩) આખરી હુકમ મુજબ.

**<u>// કારણો//</u>**

(૭) **<u>મુદ્દા નં.૧ :–</u>**

(૭.૧) આ કામમાં મુદ્દા નં.૧ ની હકીકતો ઉપર ચર્ચા કરતા અગાઉ એ હકીકત નોંધનીય છે કે, બેદરકારી નક્કી કરતી વખતે અદાલતે નેગ્લીજન્સીને શંકાથી પર સાબીત નથી કરવાની પરંતુ એમ.વી. એકટની કલમ–૧૬૬ ના કીસ્સામાં નેગ્લીજન્સી, ટચ સ્ટોન ઓફ પ્રીપોન્ડરન્સ ઓફ એવીડન્સ ઉપરથી નક્કી કરવાનું હોય છે. ઉપરોકત સિધ્ધાંત નામ. સર્વોચ્ચ અદાલતનાં નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપિન થયેલ છે. ***<u>(1) Bimla Devi V/s. H.R.T.C. Reported in AIR 2009 SC 2819 and (2) Parmeshwari Devi V/s. Amir Chand, reported in 2011 (11) SCC 635.</u>***

(૭.૨) અરજદારોના વિ.વ.શ્રીએ ભારપૂર્વક દલીલ કરેલ કે, જો સામાવાળા નં.૧ એ અકસ્માત સમયે મારુતી સ્વીફટ ડીઝાયર કાર સાવચેતીથી, ધીમેથી અને જવાબદારી પૂર્વક ચલાવી હોત તો અકસ્માત બન્યો ન હોત. જેથી સદર કામે સામાવાળા નં.૧ ની બેદરકારી ગણવા રજુઆત કરેલ છે. અરજદારોનાં વિ.વ.શ્રીએ વધુમાં સંપૂર્ણ જવાબદારી સામાવાળા નં.૧ ની હોય તેવી ભારપૂર્વક દલીલ કરેલ છે. સામાવાળા નં.૩ વીમા કંપનીના વિ.વ.શ્રીએ પંકજભાઇ ચંદુલાલ પટેલ વિ. ભારત ટ્રાન્સપોર્ટ કંપની અને બીજા, ૧૯૯૭(૧) ગુજરાત લો રીપોર્ટર–૪૦૪ ના ચુકાદો રજુ કરી તેમા પ્રસથાપિત કરેલ સિધ્ધાંત ઉપર આધાર રાખેલ છે.

(૭.૩) આ કામમાં અરજદાર નં.૧ એ ઉપરોકત દસ્તાવેજો સાથે આંક–૧૬ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે અને તેમાં અરજદાર પોતાની અરજીની હકીકતોને વળગી રહેલ છે. સામાવાળા નં.૩ તરફથી

કરવામાં ઉલટ તપાસમાં અરજદારે સોગંદ ઉપર જણાવેલ છે કે, ' એ વાત ખરી છે કે અકસ્માત મેં નજરે જોયેલ નથી. અકસ્માત મેં નજરે જોયેલ ન હોવાથી કોની બેદરકારીથી અકસ્માત થયેલો એ હું કહી શકુ નહી. ''

(૭.૪) વધુમાં, આંક–૨૭ થી રજુ ફરિયાદ ધ્યાને લેતા, ફરિયાદી હિંમતભાઇ છગનભાઇ વાઘેલાએ ફરિયાદ આપેલ છે અને તેમાં જણાવેલ છે કે, તેમનો દિકરો હર્ષદભાઇ સી.એન.જી.રીક્ષા નં.જીજે–૨૩–એ.યુ.–૩૦૪૪ ભાડે ફેરવતો હતો. તા.૦૫.૦૯.૨૦૨૧ નાં રોજ તેમનો દિકરો હર્ષદભાઇ સી.એન.જી. રીક્ષા નં.જીજે–૨૩–એ.યુ.–૩૦૪૪ લઇને આસોદર ચોકડી નજીક હાઇવે ઉપર ગયેલ અને રીક્ષા રોડની બાજુમાં મુકી રોડ ક્રોસ કરવા જતા અજાણ્યા ફોર વ્હીલવાળાએ ટકકર મારતા શરીરે ગંભીર ઇજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ તે મતલબની ફરિયાદ આપેલ છે.

(૭.૫) આંક–૧૮ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોતા ગુનાવાળી જગ્યા વાસદ–બગોદરા હાઇવે ઉપર આવેલ હોવાનું તેમજ રોડને અડીને આવેલ ડીવાઇડર ઉપર સામાન્ય લોહીનાં ડાઘા પડેલ હોવાનું તેમજ ગુનાવાળી જગ્યાએથી રોડની પૂર્વ તરફ આશરે સાતેક ફુટ દુર ફોર વ્હીલ ગાડીની બોડીના ભાગના ગ્રે કલરનાં ટુકડા પડેલાનું જણાવેલ છે.

(૭.૬) વધુમાં, સદર કેસમાં આંક–૪૨ થી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. સદર ચાજશીટની નકલ જોતા ચાર્જશીટ સામાવાળા નં.૧ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નાં ચાલક સામે થયેલ છે. વધુમાં, સામાવાળા નં.૧ કે સામાવાળા નં.૨ એ તેઓની સામે ચાર્જશીટ ખોટુ કરવામાં આવેલ છે, તેની સામે કોઇ પણ જાતની કાર્યવાહી કરેલી નથી. પોલીસે તેમની તપાસ પુર્ણ કરી કરીને સદર ચાર્જશીટ સામાવાળા નં.૧ એટલે કે મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારના ચાલક સામે દાખલ કરેલ છે. સદર ચાર્જશીટને ના માનવાને કોઇ કારણ રહેતુ નથી. તેથી મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર

નં.જીજે–૧૧–સી.ડી.૭૮૫૭ સદર બનાવમાં સંડોવાયેલ હોય તેવુ દસ્તાવેજી પુરાવાથી ઉપરથી પુરવાર થાય છે.

(૭.૭) આંક–૩૯ થી રજુ અકસ્માતમાં સંડોવાયેલ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નું પંચનામું જોતા પોલીસ સ્ટેશનનાં કમ્પાઉન્ડમાં અકસ્માત કરનાર ગ્રે કલરવાળી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ પડેલ હોવાનું અને તેમાં કોઇ નુકશાન થયેલાના ચીન્હો દેખાતા ન હોય આ બાબતે ભાનુભાઇ શકરાભાઇ પરમાર, રહે. આંતરોલી, તા.માંગરોળ, જી. જુનાગઢનાઓએ અકસ્માત થયા પછી ગાડી રીપેરીંગ કરાવેલાનું જણાવેલ છે. અકસ્માતનો બનાવ તા.૦૫.૦૯.૨૦૨૧ નાં રોજ બનેલ છે જયારે વાહનનું પંચનામુ તા.૦૭.૧૦.૨૦૨૧ નાં રોજ એક માસ બાદ કરવામાં આવેલ હોય તેવા સંજોગમાં કોઇ નોંધપાત્ર નિશાનો મળી આવવાની શકયતા રહેતી નથી.

(૭.૮) આંક–૪૦ થી રજુ એફ.એસ.એલ.નો સ્થળ પરિક્ષણ અહેવાલ જોતા એફ.એસ.એલ. ની ટીમે આંકલાવ પોલીસ સ્ટેશનમાં અકસ્માતમાં સંડોવાયેલ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નિરીક્ષણ કરી તેનો અહેવાલ કરેલ છે તેમાં કારમાં નોંધપાત્ર નિશાન જોવા મળેલ નથી પરંતુ હાજર ઇસમે બમ્પર રીપેર કરાવી નવુ બમ્પર નાખી દીધેલ હોવાનું જણાવેલ છે. તેવા સંજોગોમાં કોઇ નોંધપાત્ર નિશાન મળી આવવાની શકયતા રહેતી નથી.

(૭.૯) પક્ષકારોની દલીલો સાંભળી. ફરિયાદ, ગુનાવાળી જગ્યાનું પંચનામું, અકસ્માતમાં સંડોવાયેલ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનું પંચનામું, અકસ્માતમા સંડોવાયેલ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનો સ્થળ પરિક્ષણ અહેવાલ, પી.એમ. રીપોર્ટ તથા અન્ય દસ્તાવેજો વંચાણે લીધા. ઉપરોક્ત રજૂ દસ્તાવેજી પુરાવાથી વિરુદ્ધના કોઈ પુરાવાઓ સામાવાળાએ રજૂ કરેલ નથી કે, સામાવાળા નં.૧ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારના ચાલકે તેઓની બેદરકારીના કારણે અકસ્માત બનેલ નથી તેવો બચાવ રજૂ કરેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપેલ

નથી. તેવા સંજોગોમાં તેની વિરૂધ્ધ એડવર્સ ઇન્ફરન્સ કરવાનું રહે છે.

**(૭.૧૦)**આ કામે રજૂ થયેલ તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા ધ્યાને લેતા, સદર બનાવ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારથી બનેલ હોવાનું ફલિત થાય છે. ગુજરનાર બનાવ સ્થળેથી રોડ ક્રોસ કરતા હતા ત્યારે મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નાં ચાલક સામાવાળા નં.૧ નાઓ સામાવાળા નં. ૨ ની માલિકીની મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર પૂરઝડપે ચલાવી આવી, ગુજરનારને ટક્કર મારી અકસ્માત કરેલ હોવાનો અરજદારનો કેસ છે. સદર કામે આંક–૧૮ થી રજૂ એફ.આઇ.આર., આંક–૧૯ થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૨૪ તથા આંક–૩૯ થી રજૂ અકસ્માતમાં સંડોવાયેલ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનુ પંચનામું, આંક–૪૦ થી રજુ અકસ્માતમાં સંડોવાયેલ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનો એફ.એસ.એલ. સ્થળ પરિક્ષણ અહેવાલ, અરજદારની આંક –૧ ની અરજી તથા આંક–૧૬ નું પુરાવા એફિડેવિટ તથા તેની ઉલટ તપાસથી સદર હકીકતને સમર્થન આપતો પુરાવો પ્રાપ્ત થાય છે સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસના અંતે સામાવાળા નં. ૧ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનાં ચાલક વિરુદ્ધ ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ છે જે આંક–૪૨ થી રજૂ કરેલ છે. જેથી સદર બનાવમાં મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનાં ચાલાકની સંડોવણી સ્પષ્ટ થાય છે. વધુમાં સદર અકસ્માત નિવારવા માટે શા પગલાં ભરવામાં આવેલ હતા તે હકીકત જણાવવા માટે સામાવાળા નં. ૧ વાહનના ચાલક તથા સામાવાળા નં. ૨ વાહનના માલિક ટ્રિબ્યુનલ સમક્ષ જુબાની આપવા આવેલ નથી તેમજ એમ.વી. એક્ટમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અકસ્માત બાદ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારના ચાલક દ્વારા ઈજા પામનાર/ગુજરનારને પ્રાથમિક સારવાર પૂરી પાડવાની કરવામાં આવેલ જોગવાઈનો ભંગ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે જેથી તેઓની સામે એડવર્સ ઇન્ફરન્સ ડ્રો કરવા માટે યોગ્ય કેસ જણાઈ આવે છે. ઉપરોક્ત રજૂ થયેલ મૌખિક

તથા દસ્તાવેજી પુરાવાની હકીકતોથી સદર અકસ્માત એકમાત્ર મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જી.જે.–૧૧–સી.ડી.–૭૮૫૭ નાં ચાલક સામાવાળા નં. ૧ નાએ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર પૂરઝડપે અને બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવેલ હોવાની હકીકત ફલિત થાય છે. જેથી આ કામમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અને દસ્તાવેજી પુરાવા ઉપરથી અકસ્માતનો બનાવ મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં.જી.જે.–૧૧–સી.ડી.–૭૮૫૭ ના ચાલક સામાવાળા નં. ૧ ની સંપૂર્ણ બેદરકારીના કારણે થયેલ છે તેવું ઠરાવવામાં આવે છે અને તે રીતે મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં.ર વળતરની રકમ (કવોન્ટમ)</u>**

(૮) નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા અલગ અલગ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે, મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૮ મુજબ ટ્રીબ્યુનલે વળતર નકકી કરતી વખતે 'જસ્ટ' કોમ્પનશેશન નકકી કરવુ જોઇએ.

**A. <u>Assessment of Age of the deceased and multiplier.</u>**

(૯) આ કામમાં અરજદારના પ્લડીંગ મુજબ અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ર૮ વર્ષ દર્શાવેલ છે. અરજદાર તરફે આંક–ર૫ થી ગુજરનારનાં આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે અને તેમાં ગુજરનારની જન્મ તા.૦૫.૦૫.૧૯૯૩ દર્શાવેલ છે. આમ, અરજદારની જન્મ તા.૦૫.૦૫.૧૯૯૩ હોવાનું અત્રેની ટ્રીબ્યુનલનું માનવુ છે. કહેવાતા અકસ્માતનો બનાવ તા.૦૫.૦૯.ર૦ર૧ નાં રોજ બનેલ છે. આમ, અરજદારની જન્મ તા.૦૫.૦૫.૧૯૯૩ થી અકસ્માત તા.૦૫.૦૯. ર૦ર૧ સુધીનો સમયગાળો ગણતા અરજદારની ઉંમર ર૮ વર્ષ, ૦૪ માસ, ૦૦ દિવસ થાય છે. જેથી અકસ્માત સમયે અરજદારની ઉંમર ર૮ વર્ષની હોવાનું જણાઇ આવે છે. જેથી આ કામમાં અરજદારની ઉંમર અકસ્માત વખતે ર૮ વર્ષ ભવિષ્યની નુકસાની તેમજ મલ્ટીપ્લાયર ગણવા માટે ટ્રીબ્યુનલ દ્વારા આકારવામાં આવે છે. આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **Sarla Verma & Ors. –**

**versus- Delhi Transport Corporation & Another, reported as AIR 2009 SC 3014**, માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ અરજદાર **૧૭ નો મલ્ટીપ્લાયર** ભવિષ્યની આવકની નુકસાની માટે મેળવવા હકકદાર છે તેમ હું ઠરાવું છું.

**B. <u>Assessment of Income of the deceased and future prospects of the deceased.</u>**

(૧૦) અરજદાર તરફથી તેઓની કલેઈમ અરજીમાં તેમજ તેઓના આંક–૧૬ નાં પુરાવાનાં સોગંદનામામાં ગુજરનાર રીક્ષા ડ્રાઈવીંગ તથા ખેતી કામ કરી માસીક રૂા.૨૦,૦૦૦/– આવક મેળવતા હોવાની હકીકત જણાવેલ છે. સામાવાળા નં.૩ તરફથી કરવામાં ઉલટ તપાસમાં અરજદારે સોગંદ ઉપર જણાવેલ છે કે,''રિક્ષા મારા પતિની માલીકીની હતી. એ વાત ખરી છે કે, રિક્ષા મારા પતિની માલીકીની એ વાત ખરી છે કે, મારા પતિના નામે કોઈ ખેતીની જમીન નથી. એ વાત ખરી છે કે, મારા પતિ ખેતીકામ કરીને તેમજ રિક્ષા ચલાવીને માસીક રૂા.૨૦,૦૦૦/– કમાતા હતા તેનો કોઈ લેખીત આધાર મારી પાસે નથી. આમ, અરજદાર તરફે ગુજરનારની આવક અંગેનો કોઈ જ ચોકકસ પુરાવો રજુ કરેલ નથી. આમ, અરજદારની અરજીની હકીકતો અને પુરાવાની હકીકતો અને દલીલોનાં આધારે એવું માની શકાય નહીં કે ગુજરનાર ખેતીકામ અને રિક્ષા ડ્રાઈવીંગ કરી માસિક રૂા.૨૦,૦૦૦/– આવક મેળવતા હતા. આમ, ગુજરનારની આવક અંગેનો કોઈ જ પુરાવો રેકોર્ડ ઉપર નથી. તેવા સંજોગોમાં હાલના કેસમાં ગુજરનારની નોશનલ આવક નક્કી કરવાનો કેસ છે. નોશનલ આવક નક્કી કરતી વખતે ટ્રિબ્યુનલે પ્રુડન્ટ ગેસીસ કરવાનું હોય છે. ગુજરનારની રોજગારીનો પ્રકાર ખેતી કામ તથા રિક્ષા ડ્રાઈવીંગ તરીકેનો બતાવવામાં આવેલ છે તેવા સંજોગોમાં ગુજરનાર સ્કીલ્ડ વર્કરની શ્રેણીમાં આવે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તાજેતરના ઘણાબધા ચુકાદાઓમાં નોશનલ ઈન્કમનાં કેસમાં લઘુત્તમ વેતનનું માપદંડ ગણવાનું ઠરાવેલ છે. હાલનાં કેસમાં બનાવ સને–૨૦૨૧ નાં અરસામાં બનેલ છે. ગુજરાત ગવર્મેન્ટ લેબર સ્કીલ ડેવલપમેન્ટ

એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના તા.૦૮.૦૪.૨૦૨૧ નાં નોટિફિકેશન મુજબ સ્કીલ્ડ કામદારનું ઝોન-૧ માટે દૈનિક મીનીમમ વેતન રૂ.૩૬૫.૨૦/- તથા ઝોન-૨ માટે દૈનિક મીનીમમ વેતન રૂ.૩૫૬.૨૦/- ઠરાવેલ છે. વધુમાં, નડીઆદ ડિસ્ટ્રીક્ટ ઝોન-૨ માં પડે છે જેથી ગુજરનારની દૈનિક આવક રૂ.૩૫૬.૨૦/- ઠરાવવામાં આવે છે. વધુમાં એક માસમાં ચાર રવિવારની જાહેર રજાઓ બાદ કરતા બાકીના ૨૬ દિવસ માટે ગુજરનાર કામ કરતા હોવાનું માનવાનું રહે છે. જેથી ગુજરનારની માસિક આવક રૂ.૯,૨૬૧/- (રૂ.૩૫૬.૨૦/- x ૨૬ દિવસ) મેળવવાનું ઠરાવવામાં આવે છે. જેથી અકસ્માત વખતે ગુજરનાર માસિક આવક રૂ.૯,૨૬૧/- મેળવતા હોવાનું આકારવામાં આવે છે.

**(૧૦.૧)** ગુજરનારને ભવિષ્યમાં થનાર આવકનો વધારો મળવાપાત્ર છે કે તે બાબત નામ. સર્વોચ્ચ અદાલત તેમજ નામ. ઉચ્ચ અદાલતોમાં અલગ અલગ ચુકાદાઓ ધ્યાને લીધા. વધુમાં, **ના. સુપ્રીમ કોર્ટનાં નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. પ્રણય શેટ્ટી અને બીજાઓનો ૨૦૧૭(૧૬) એસ.સી.સી.૬૮૦** નાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ જો ગુજરનાર સેલ્ફ એમ્પલોઇડ અથવા ફીકસડ સેલરી કામદાર હોય અને ૪૦ વર્ષથી ઓછી ઉંમર માટે ૪૦ (ચાલીસ) ટકા ભવિષ્યમાં થનાર આવકનો વધારો ફ્યુચર પ્રોસ્પેકટનાં હેડ તળે મળવાપાત્ર થાય છે. જેથી ગુજરનાર ૪૦ ટકા ભવિષ્યમાં થનાર આવકનો વધારો ફ્યુચર પ્રોસ્પકેટનાં હેડ તળે મેળવવા હકકદાર થાય છે. જે રીતે ગણતરી કરવામાં આવે તો ગુજરનારની માસીક આવક અત્રે ટ્રીબ્યુનલે રૂ.૯,૨૬૧/- નકકી કરેલ છે અને જેથી ફ્યુચર પ્રોસ્પેકટની ગણતરી કરી ગુજરનારની માસીક આવક રૂ.૧૨,૯૬૫/- (રૂ.૯,૨૬૧/- **x** ૪૦ ટકા = રૂ.૩,૭૦૪/- થાય, માટે રૂ.૯,૨૬૧/- **+** રૂ.૩,૭૦૪/- = રૂ.૧૨,૯૬૫/- ) લોસ ઓફ ડીપેન્ડન્સી માટે ગણવામાં આવે છે.

**C. Future Dependency and Calculation of total loss of dependency Prospects of the deceased.**

(૧૧) હાલના કામમાં અરજદારો તરફે વિ.વ.શ્રીએ એવી ભારપૂર્વક દલીલ કરેલ છે કે, ગુજરનાર પરણીત હતા અને તેમની ઉપર તેમની પત્ની અને બે સંતાનો તથા માતા પિતાનાં ભરણ પોષણની જવાબદારી હતી જેથી ૧/૪ રકમ મરણ જનાર તેમના અંગત ખર્ચ માટે ખર્ચ કરતા હતા તેવી દલીલ કરેલ છે. એ હકીકત નિર્વિવાદીત છે કે, આ કામના ગુજરનાર બનાવ સમયે પરણીત હતા અને તેમની ઉપર તેમની પત્ની, બે સંતાનો તથા માતા પિતાનાં ભરણ પોષણની જવાબદારી હતી. તેથી ગુજરનારની આકારણી કરવામા આવેલ આવકમાંથી ૧/૪ રકમ ગુજરનાર તેના અંગત ખર્ચ માટે વાપરતા હતા તેવુ ટ્રીબ્યુનલનું માનવુ છે જેથી લોસ ઓફ ડીપેન્ડન્સીની આકારણી નીચે મુજબ કરવામાં આવે છે.

*. **Annual income of deceased with Annual addition to income for future prospect. :-**

રૂા.૧૨,૯૬૫/- x ૧૨ = રૂા.૧,૫૫,૫૮૦/-

*. **Annual amount of personal expenses incurred by the deceased in his own maintenance:-**

રૂા.૧,૫૫,૫૮૦/- x ૧/૪ = રૂા.૩૮,૮૯૫/-

*. **Annual Loss of Dependency :-**

રૂા.૧,૫૫,૫૮૦/- – રૂા.૩૮,૮૯૫/- = રૂા.૧,૧૬,૬૮૫/-

*. **Total Loss of dependency :-**

રૂા.૧,૧૬,૬૮૫/- **x** ૧૭ મલ્ટીપ્લાયર = રૂા.૧૯,૮૩,૬૪૫/-

**<u>LOSS OF CONSORTIUM & LOSS OF ESTATE :-</u>**

(૧૨) So far the grant of consortium to the claimants is concerned, the Hon'ble Apex Court in the case of **" Megma General Insurance Co. Ltd. V/s. Nanu Ram Alias Churhu Ram & Ors., 2018(18) SCC 130** " held that "consortium to be a compendious term which encompasses 'spousal consortium', 'parental consortium' as well as

'filial consortium'. The right to consortium would include the company, care, help, comfort, guidance, solace and affection of the deceased, which is a loss to his family."

"Parental consortium is granted to the child upon the premature death of a parent, for loss of parental aid, protection, affection, society, discipline, guidance and training."

"Filial consortium is the right of the parents to compensation in the case of an accidental death of a child. The parents are entitled to be awarded loss of consortium under the head of filial consortium."

વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલતના **National Insurance Company Limited Vs. Pranay Sethi & Ors., reported in 2017 (16) SCC 680** નાં તા.૩૧.૧૦.૨૦૧૭ નાં ચુકાદાનાં પેરા ૬૧(viii) માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ હાલના અરજદારોને કન્વેશન્લ હેડ હેઠળ મળતી રકમમાં દર ત્રણ વર્ષે ૧૦ ટકા લેખે વધારો કરવાનો રહેશે. તેથી હાલનાં અરજદારોને લોસ ઓફ કોન્સોર્ટીયમ પેટે અરજદાર નં.૧ પત્ની થતા હોય હોય તેમને સ્પાઉસલ કોન્સોર્ટીયમ પેટે રૂ.૪૮,૪૦૦/–, અરજદાર નં.૨ અને ૩ ગુજરનારના સંતાનો થતા હોય પેરેન્ટલ કોન્સોર્ટીયમ પેટે રૂ.૯૬,૮૦૦/– (રૂ.૪૮,૪૦૦/– x ૨ ) મળવાપાત્ર થાય છે. અરજદાર નં. ૪ અને ૫ પિતા અને માતા છે. પરંતુ ગુજરનાર પરણિત હતો તેથી ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ અરજદાર નં. ૪ અને ૫ ફિલીયલ કન્સોર્ટીયમ મેળવવા હકકદાર થતા નથી. તેમજ અરજદારો ફયુનરલ એકસ્પેન્સના હેળ તળે રૂ.૧૮,૧૫૦/– તથા લોસ ઓફ એસ્ટેટના હેળ તળે રૂ.૧૮,૧૫૦/– મેળવવા હકકદાર થાય છે.

આમ, તમામ અરજદારો નીચે પ્રમાણે હેડ હેઠળ વળતરની રકમ મેળવવા હકકદાર ઠરે છે.

| Sr.No. | Particulars | Amount | |
|---|---|---|---|
| **1.** | Future Loss of dependency | Rs. | 19,83,645/- |
| **2.** | Funeral Expenses | Rs. | 18,150/- |
| **3.** | Loss to Estate | Rs. | 18,150/- |
| **4.** | Loss of spousal consortium | Rs. | 48,400/- |
| **5.** | Loss of Parental consortium (44,000/- X 2) | Rs. | 96,800/- |
| **6.** | **Total Compensation** | **Rs.** | **21,65,145/-** |

આમ, અરજદારો **રૂા.૨૧,૬૫,૧૪૫/– (અંકે રૂા. એકવીસ લાખ પાસઠ હજાર એકસો પીસ્તાલીસ પુરા)** વળતર તરીકે મેળવવા હકકદાર થાય છે.

**LIABALITY TO PAY THE AWARDED AMOUNT ::-**

(૧૩) આ કામમાં મુદા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ અકસ્માત મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જીજે–૧૧–સી.ડી.–૭૮૫૭ નાં ચાલક સામાવાળા નં.૧ ની સંપુર્ણ બેદરકારીનાં કારણે બનેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ સદર કામે બનાવ સમયે સામાવાળા નં.ર મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કારનાં માલીક હોય, જેથી સામાવાળા નં.૧ તથા ર અરજદારોને વળતરની રકમ ચુકવવા જવાબદાર ઠરે છે. વધુમાં, આ કામે રજુ આંક–રર ની વીમા પોલીસીની નકલ જોતા તેમાં ઇન્શ્યોરનસ સમયગાળો રીસ્ક કવર થયાનું જણાય આવે છે. જેથી આ કામમાં સામાવાળા નં. ૩ કે જેણી આંક–રર ની વીમા પોલીસીથી માલીકને ક્ષતિપૂર્તિ કરવા બંધાયેલ હોય સામાવાળા નં.૩ પણ વળતર ચુકવવા જવાબદાર થાય છે. આ કામમાં સામાવાળા નં.૧ થી ૩ સંયુકત અને વિભકત રીતે અરજદારો ને વળતરની રકમ ચુકવવા જવાબદાર થતા હોવાનું ઠરાવવામાં આવે છે.

**INTEREST ON AWARDED AMOUNT ::-**

(૧૪) આ મુદ્દાને લાગે વળગે છે ત્યાં સુધી, નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા જુદા–જુદા ચુકાદાઓનું અવલોકન કરી એવું ઠરાવેલ છે કે, એવોર્ડ એ યોગ્ય ને વ્યાજબી હોવું જોઇએ નહી કે આકસ્મીક લાભ. કેસના

સંજોગો અને હકીકતોના આધાર ઉપર વ્યાજની ચુકવણી કરવાની હોતી નથી પરંતુ સામાન્ય રીતે અકસ્માત સમયે અમલમાં રહેલ બેંકના વ્યાજના દરના આધારે વ્યાજનાં વળતરનો હુકમનામું આધારીત હોય છે. હવે નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાનમાં રાખીને ભારતીય રીઝર્વ બેંક ધ્વારા સમયાંતરે વ્યાજના દરને ધ્યાનમાં રાખી અત્રેની ટ્રીબ્યુનલ હાલનો અકસ્માતનું વર્ષ તેમજ તે સમયે અમલમાં રહેલ બેંકનો વ્યાજનો દર મુજબ અરજદાર ૭.૫% અરજી દાખલ કરી તે તારીખથી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ કારણો મુજબ મુદ્દા નં.૧, ૨ નો જવાબ અનુક્રમે હકારમાં અને અંશતઃ હકારમાં આપી મુદ્દા નં.૩ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : હુ ક મ : : –**

**:૧:** અરજદારોની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**:ર:** આ કામના અરજદારો, સામાવાળાઓ પાસેથી **રૂા.૨૧,૬૫,૧૪૫/– (અંકે રૂા. એકવીસ લાખ પાસઠ હજાર એકસો પીસ્તાલીસ પુરા)** અરજીની તારીખથી ૭.૫% લેખે વ્યાજ તથા અરજીના ખર્ચસહિત સંયુકત તેમજ વિભકત રીતે વસુલ મેળવવા હકકદાર થાય છે.

**:3:** આ કામના સામાવાળાને એવો આદેશ આપવામાં આવે છે કે, નામ. સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શીકા મુજબ વળતરની રકમ ડીસ્ટ્રીકટ કોર્ટ બેંકમાં **BANK OF BARODA, MAIN BRANCH, NADIAD A/C. No.02900200000658 IFSC ; BARB0NADIAD** માં **RTGS કે NEFT** મારફતે જમા કરાવવી અને તે અંગેની જાણ એમ.એ.સી.પી. બ્રાન્ચ, ડીસ્ટ્રીકટ કોર્ટ, નડીઆદને ઇ.–મેઇલ ધ્વારા **mact- courtkhe@gujarat. gov.in** માં કરવી.

**૪:** આ કામના સામાવાળા ધ્વારા અરજદારની વળતરની રકમ આ હુકમ તારીખથી ૩૦ દિવસમાં આ ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે.

**:૫:** તમામ રકમ જમા થયા બાદ કોર્ટ ફી સ્ટેમ્પની બાકી નીકળતી રકમ કાપવી તેમજ જો અરજદાર તરફથી કોઈ અલાયદી અરજી કરી વચગાળાની વળતરની રકમ મેળવેલ હોય તો તે રકમ પણ કાપવી.

**:૬:** ત્યારબાદ બાકી રહેતી રકમમાંથી અરજદાર નં.૧ ને ૪૦ % રકમ, અરજદાર નં.ર થી ૫ ને ૧૫–૧૫ % રકમ આપી, અરજદાર નં.૧, ૪, ૫ ના ભાગે આવતી રકમમાંથી ૭૦ ટકા રકમ અરજદાર નં.૧, ૪, ૫ ના નામે પાંચ વર્ષનાં સમયગાળા માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં બાંધી મુદતની થાપણ તરીકે મુકવી અને બાકી રહેતી ૩૦ % રકમ એકાઉન્ટ પેયી ચેકથી નિયમ મુજબ ચુકવવી. સદરહુ એફ.ડી.ની રકમ ઉપર બેંકે કોઈપણ જાતની લોન, બોજો કે ધીરાણ કરવુ નહી. અરજદારો સદર ફીકસ ડીપોજીટની રકમ ઉપર પીરીયોડીકલ વ્યાજ મેળવવા હકકદાર રહેશે.

જયારે અરજદાર નં.ર અને ૩ સગીર વયનાં હોય તેઓ પુખ્ત વય પ્રાપ્ત કરે ત્યાં સુધી અથવા પાંચ વર્ષ બંનેમાથી જે સમયગાળો વધારે હોય તેટલા સમયે માટે તેમના ભાગની રકમ ફીકસ ડીપોઝીટ તરીકે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**:૭:** અરજદારોને થયેલ ખર્ચ સામાવાળાઓએ ભોગવવો અને સામાવાળાઓને થયેલ ખર્ચ પોતે જાતે ભોગવવો.

**:૮:** હુકમ મુજબ એવોર્ડ દોરવો.

**હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી, માહે:– માર્ચ, સને–ર૦ર૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.**

તા.૦૬.૦૩.ર૦ર૬
સ્થળ:– નડીયાદ.

**(મહંમદસિરાજ એલ. શેખ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.) અને
પાંચમા અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીયાદ.
કોડ નં.જીજે–૦૦૭૪૩.

(બી.બી.ત્રિવેદી)